રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૧૧ કેસ

કોરોનાને લીધે ૯નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૨૬૬૫૭ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૫૩૧નાં મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૪૮૫

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના ૫૧૩૮૫ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૧૧ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૧૪૬૬૭૩ થયો છે. રાજ્યમાં આજે ૯ના મોત નોંધાયા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૩૫૩૧ થયો છે. રાજ્યમાં આજે ૧૪૧૪ દર્દી સાજા થયા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૧૨૬૬૫૭ થયો છે. રાજ્યમાં આજે એક્ટિવ કેસ ૧૬૪૮૫ થયો છે. જેમાં ૮૬ વેન્ટીલેટર પર અને ૧૬૩૯૯ સ્ટેબલ છે. રાજ્યમાં સતત કોરોનાના કેસ ૧૩૦૦ને પાર જઈ રહ્યા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૬૧૧૦૨૦ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૬૧૦૬૧૧ વ્યક્તિઓ હોમ ક્વોરેન્ટાઈન છે અને ૪૦૯ વ્યક્તિ ફેસીલીટી ક્વોરેન્ટાઈન રાખવામાં આવ્યા છે. સાજા થવાનો દર ૮૬.૩૫ ટકા છે. જ્યારે કુલ ૪૮૦૬૦૪૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૯ મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૩ અને જિલ્લામાં ૧, સુરત શહેરમાં ૨ અને જિલ્લામાં ૧, મહેસાણામાં ૧ અને વડોદરા શહેરમાં ૧ નોંધાયો છે. અમદાવાદ શહેરમાં ૧૭૩ અને જિલ્લામાં ૧૫ સાથે ૧૮૮ કેસ કોરોનાના આજે નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૮૧૮૬ થયો છે. આજે અમદાવાદમાં ૪ મોત નોંધાતા ૧૮૩૬ કુલ મોત નોંધાયા છે. સુરત શહેરમાં ૧૮૧ અને જિલ્લામાં ૯૯ સાથે ૨૮૦ કોરોનાના કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૩૧૧૩૨ થયો છે. આજે સુરતમાં ૩ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક સુરતમાં ૭૯૬ થયો છે. વડોદરા શહેરમાં આજે ૮૦ અને જિલ્લામાં ૪૩ સાથે ૧૨૩ કેસ કોરોનાના આજે નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૧૨૯૮૩ થયો છે. આજે ૧ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૯૫ થયો છે. રાજકોટ શહેરમાં ૮૬ અને જિલ્લામાં ૪૮ સાથે ૧૩૪ કોરોના પોઝિટિવના કેસ નોંધાતા કુલ ૧૦૩૦૮ કેસ થયા છે. જામનગર શહેરમાં ૬૫ અને જિલ્લામાં ૨૮ સાથે ૯૩ કેસ કોરોનાના આજે નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૬૭૨૬ થયો છે.

બાર એસોસિએશનના પ્રમુખ યતીન ઓઝાને બે હજારનો દંડ

અમદાવાદ,તા.૭

ગુજરાત હાઈકોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ યતીન ઓઝાને કોર્ટના અપમાનના કેસમાં મંગળવારે દોષિત જાહેર કરાયા બાદ આજે તેમને બે હજાર રૂપિયાનો દંડ તેમજ કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા ફટકારી છે. જો, દંડ ભરવામાં ના આવે તો બે મહિનાનો જેલવાસ ભોગવવો પડશે. હાઈકોર્ટે યતીન ઓઝાની સજા પર સ્ટે આપતા તેઓ હવે સુપ્રીમ કોર્ટમાં જશે. હાઈકોર્ટ જસ્ટિસ સોનિયાબહેન ગોકાણી અને જસ્ટિસ એન.વી.અંજારીયા ની બેન્ચે ૩૦ સપ્ટેમ્બરના રોજ ચૂકાદો અનામત રાખ્યો હતો. યતીન ઓઝાએ ફેસબુક પર પ્રેસ કોન્ફરન્સ યોજી હાઈકોર્ટના વહીવટી વિભાગ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. જેને લઈને અગાઉ તેમનું સિનિયર કાઉન્સિલનું પદ છીનવી લેવામાં આવ્યું છે. લૉકડાઉન દરમિયાન હાઈકોર્ટની રજિસ્ટ્રીમાં સુનાવણી મામલે યતીન ઓઝાએ ગંભીર આક્ષેપ કર્યા હતા. વગદાર લોકોના કેસને સાંભળવામાં પ્રાયોરિટી અપાય છે અને સામાન્ય લોકોના કેસ મુકવામાં આવે તો જજનું વલણ કડક છે તમે ધાર્યું પરિણામ નહીં મેળવી શકો. ઓઝાએ ફેવરેટિઝમ અને ભ્રષ્ટાચારના આરોપ લગાવતા હાઈકોર્ટ ચીફ જસ્ટિસ વિક્રમનાથે યતીન ઓઝાના આક્ષેપની સત્યતા તપાસવા માટે ત્રણ જજની પેનલ બનાવી હતી. ત્યારબાદ હાઈકોર્ટ જસ્ટિસ સોનિયાબહેન ગોકાણીએ સુઓમોટો કન્ટેમ્પટ પિટિશન કરી હતી. એક મહિના અગાઉ યતીન ઓઝાએ બિનશરતી માફી માગી હવે ભૂલ નહીં થાય તેવી રજૂઆત કરી હતી. આમ છતાં તેમની માફીની અરજી માન્ય રાખવામાં આવી ન હતી. યતીન ઓઝા સુઓમોટો કન્ટેમ્પટ પિટિશન પર સ્ટે મેળવવા માટે સુપ્રીમ કોર્ટના દરવાજા પણ ખખડાવી આવ્યા છે. જો કે, તેમાં તેમને સફળતા મળી ન હતી. સિનિયર કાઉન્સિલનું પદ ગુમાવ્યા બાદ તેમને અદાલતની અવમાનના બદલ દોષિત જાહેર કરાયા છે. યતીન ઓઝા ભાજપના ધારાસભ્ય તરીકે સાબરમતી બેઠક પરથી વર્ષ ૧૯૯૫ અને ૨૦૦૧માં એમ બે વખત વિજયી બની ચૂક્યા છે.

ડીસાની બનાસ નદી પાસે વધુ એક યુવકનો મૃતદેહ મળતાં ચકચાર

ડીસા, તા. ૭

કોરોના મહામારી વચ્ચે બુધવારે ડીસાની બનાસ નદીના પટમાંથી વધુ એક યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. મૃતક યુવક ડીસા તાલુકાના રોબોસ ગામનો બારોટ સમાજનો હોવાના અહેવાલ સામે આવ્યા હતા જેના પગલે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા અને આ બાબતની પોલીસને જાણ કરતા તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી તેમજ મૃતકની લાશને પીએમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે હાલ તો પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે પરંતુ મૃતક યુવકે આત્મહત્યા કરી છે કે પછી તેની હત્યા થઈ છે ? તે બાબતે પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી વધુ તપાસ હાથ ધરી છે.

માસ્ક દ્વારા આત્મનિર્ભર બનવાનો જિંદાદીલ પ્રયાસ : ડીસાના વામન યુવાનની વિરાટ હૈયાસૂઝ

ડીસા, તા. ૭

લોકડાઉન બાદ ધંધા-રોજગાર ઠપ્પ થઈ જતા અનેક યુનાનોને નોકરી ગુમાવવાનો વારો આવ્યો છે. જેને લઈ વધતા જતા આપઘાતના બનાવોથી ચોંકી ઉઠેલી સરકારે આત્મનિર્ભર યોજના અમલી બનાવી છે પણ તે હથેળીમાં ચાંદ પુરવાર થઈ છે તેથી સરકારના ભરોસે ન રહેતા અનેક સ્વમાની યુવાનોએ આપબળે આજીવિકા રળવાનો પ્રયાસ આરંભ્યો છે.

ડીસામાં રહેતા રાજેશકુમાર માંગીલાલ ચૌહાણ (ઉ.વ. ૩૫) કુદરતી રીતે ટૂંકું કદ ધરાવે છે પણ છેલ્લા ૧૫ વર્ષથી હીરા ઘસવાનું કામ કરી ઘરમાં ૮૫ વર્ષની વૃદ્ધ માતાનું પણ ભરણપોષણ કરે છે. જો કે સતત ૧૫ વર્ષથી હીરા ઘસવાને લીધે અંગુર પકડવાથી હાથના હાડકામાં કમજોરી આવવાથી હાલ હીરા ઘસી શકતા નથી જેના કારણે માતા અને પોતાનું ગુજરાન ચલાવવું ભારે મુશ્કેલ બની ગયું છે. તે માટે રાજેશભાઈએ અનેક જગ્યાએ નોકરી માટે દુકાને દુકાને ફરી નોકરી મેળવવાના પ્રયાસો કર્યા છતાં લોકડાઉન બાદ ધંધો ન હોઈ કોઈ દુકાનદાર તેમને કામે રાખતો નથી. આખરે કંટાળી હાલમાં ચાલી રહેલી કોરોનાની મહામારીમાં ગુજરાન ચલાવવા માટે માસ્ક વેચવાનું ચાલુ કર્યું છે. બજારમાં ફરી ફરીને માસ્કનું વેચાણ કરતા ચાર ફૂટના પણ સ્વમાની રાજેશભાઈને સો સો સલામ.

ચેમ્બરના ઢાંકણો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિવારવા માટે અગાઉ પણ તંત્ર દ્વારા નગરના ખ માર્ગ પર નવી ચેમ્બરો લગાવામાં આવી હતી.

વર્ષો પુર્વે આ ચેમ્બરોને માર્ગ વચાળે થી દુર કરવા માટે જોખમી ચેમ્બરો કોર્નર કરવાનુ કામ પણ હાથ ધરાયુ હતુ. જયારે છેલ્લા કેટલાક સમયથી શહેરના મુખ્યમાર્ગો આસપાસ પણ આ પ્રકારની ચેમ્બરો તુટેલી હાલતમાં છે. જેના લીધે માર્ગ સલામતી જોખમાઇ છે. આવા સંજોગોમાં વાહનચાલકો પણ ઘણીવાર અકસ્માતનો ભોગ બને છે. ત્યારે આ ચેમ્બરો નવી નાંખવા માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મુખ્યમાર્ગો પર તુટેલી ચેમ્બરો નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. માર્ગો પર સર્વેના અંતે નવા ઢાંકણો નાંખવામાં આવી રહ્યા છે.

ગાબડા પૂરવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વોક કરનારાઓએ પણ પરેશાની વેઠવી પડે છે. ફુટપાથની ટાઈલ્સો ઉખડી જતા વોક વે પર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. શહેરમાં અંદાજિત ૯૫ કી મી થી વધુ વિસ્તારમાં ફુટપાથનુ નેટવર્ક છે. જયારે ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે ફુટપાથની દશા સુધારવા માટે કોર્પોરેશન દ્વારા પણ સેકટરોના એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાની કામગીરી અન્વયે ફુટપાથ નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવનાર છે. પરંતુ હાલ વરસાદી દિવસોના અંતે માર્ગોની સાથે જાણે ફુટપાથનુ પણ ધોવાણ થઇ ગયુ હોય તેવી સ્થિતિ છે.સેકટરોમાં ફુટપાથ પર ઘાસ ઉગી નિકળવાના લીધે સફાઇ કરવાની પણ અનિવાર્યતા છે. જયારે ફુટપાથ ખોદીને પસાર કરાયેલી વરસાદી પાણીની લાઇનના લીધે વોક વે ઘણાં ઠેકાણે સાવ નીચે દબાઇ ગયો છે. કેટલાક ઠેકાણે ટાઇલ્સો પણ ઉખડી ગઇ છે. શહેરમાં માર્ગોની આસપાસ ફુટપાથની આભા ઉભી કરવા માટે તોતિંગ ખર્ચ કરાયો છે.જયારે ફુટપાથનો ઉપયોગ નાગરિકો વોકીંગ માટે વિશેષ રીતે કરી રહ્યા છે. બીજીતરફ સેકટરો સાથે જોડાયેલી ફુટપાથમાં ગાબડા પાડીને સેકટરોના આંતરિક વિસ્તારમાં પ્રવેશવા માટેનો માર્ગ કરી લેતા ફુટપાથને નુકસાન થઇ રહ્યુ છે. જયારે ફુટપાથ પર વાહનો પણ દોડવામાં આવી રહ્યા છે. ત્યારે ફુટપાથના અસ્તિત્વ સામે આમ પણ ખતરો મંડરાયો છે. જયારે સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામ બાદ ફુટપાથની હાલત વધુ ખરાબ થઇ છે. આ સ્થતિને ધ્યાને લઇ તંત્ર દ્વારા ફુટપાથના રીપેરીંગનુ કામ હાથ ધરવામાં આવશે. ફુટપાથ પરના ગાબડા પુરવા માટે તંત્ર કામે લાગશે.

૨૩ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૬ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. એમ.ટી.એસ. પોસ્ટ ઓફિસમાં ફરજો બજાવતી ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧ ૩માંથી પણ આજે વધુ બે કેસ મળ્યા છે. ૭૭ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમણે આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૯ માંથી પણ બે કેસ મળી આવ્યા છે. ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીમાં ફરજો બજાવતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરેલ છે. આ ઉપરાંત ૭૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

અમદાવાદથી પ્રસિદ્ધ થતાં અંગ્રેજી અખબારમાં ફરજો બજાવતા અને સે. ૩ માં રહેતા ૪૯ વર્ષીય કોરોના વોરિયર્સનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આર.એન્ડ.બી.માં ડેપ્યુટી એસ.ઓ. તરીકે ફરજો બજાવતા અને સે. ૧૭ માં રહેતા ૨૭ વર્ષીય યુવા કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. યુવા કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં વધતા જતા કેસોની સામે રિકવરી રેટ સારો છે. આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આમ રિકવર થયેલા દર્દીઓની સંખ્યા ૧૨૦૦ની નજીક પહોંચી છે.

શહેરમાં આજે ૧૨૫ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૬,૨૦૦થી વધુ લોકોને આવરી લઈ ક્વોરોન્ટાઈન કરાયા છે.

વધુ ૧૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલ તાલુકામાં આજે પાંચ કેસ નોંધાયા છે. જેમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. કલોલના બોરીસણા ગામેથી ૧૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સાંતેજમાં ૩૦ વર્ષીય ધંધાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સોજા ગામેથી ૭૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. કલોલ અર્બન વિસ્તારમાંથી આજે બે કેસ નોંધાયા છે. અર્બન-૨ માંથી ૪૯ વર્ષીય દિવ્યાંગનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જિલ્લામાં આજે વધુ નવ દર્દીઓ રિકવર થતાં જિલ્લામાં ૨૦૦૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૫૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૫,૧૨૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

આંખની તપાસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કપરા કાળમાં સામાન્ય વ્યક્તિ પણ પોતાની આંખની ચકાસણી સરળતાથી કરી શકે તે માટે ગાંધીનગરના તેજ આઈ સેન્ટર દ્વારા ખાસ એપ્લીકેશન બનાવવામાં આવી છે.

આ એપ્લિકેશન અંગે માહિતી આપતા આંખના રોગના નિષ્ણાંત ડો. તેજલ દલાલે જણાવ્યું હતું કે તેજ આઈ સેન્ટર દ્વારા ડેવલોપ કરવામાં આવેલી વિઝન લીંક એટલે કે ખાસ પ્રકારની એપ્લિકેશન દ્વારા સામાન્ય વ્યક્તિ કોઈપણની મદદ લીધા વગર પોતાના મોબાઈલ કે કમ્પ્યુટર મારફતે ઘરે બેઠા છે સચોટ રીતે વિઝન ટેસ્ટ કરી શકે છે. ગુજરાતી અને અંગ્રેજી સૂચનાઓ સાથે આ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. સામાન્ય વ્યક્તિ કે જે સ્માર્ટ ફોનનો ઉપયોગ કરતો હોય તે ખૂબ જ સરળતાથી તેનો ઉપયોગ કરીને પોતાની નજીકની તથા દૂરની દ્રષ્ટિ ચકાસી શકે છે. આ ઉપરાંત ત્રાસા નંબર કોઈ વ્યક્તિને હોય તો તેની પણ ચકાસણી આ મોબાઈલ એપ્લીકેશન દ્વારા સરળતાથી થઈ શકે છે. સામાન્ય રીતે ત્રાસા નંબર હોવાની મહત્વ ખાસ કરીને આવા લોકોમાં છે જેમાં જે લોકોને કોમ્પ્યુટર પર ખુબ કામ કરવાનું હોય છે જેવું કે આઈટી ક્ષેત્રમાં, બેંકમાં અને હવે તો ઓનલાઈન બાળકો. ત્રાસા નંબર માત્ર થોડો હોય તો પણ ના પહેરવાથી માથું દુખે છે આખો ખેંચાય છે અને આખો થાકી જાય છે આ નંબરની ચકાસણી પણ આ એપ્લિકેશન મારફતે અડધી મિનિટમાં થઈ શકે છે. તો કોન્ટ્રાસ્ટ એટલે કે સવારે અને સાંજના હળવા પ્રકાશમાં જોવાની તકલીફ પણ આ એપ્લિકેશન દ્વારા જાણી શકાય છે. જ્યારે કલર વિઝન પણ ચેક કરી શકાય છે. એક જ એપ્લિકેશન મારફતે નજીક અને દૂરની દ્રષ્ટિ, ત્રાસા નંબર તથા કોન્ટ્રાસ્ટ અને કલર વિઝન સામાન્ય વ્યક્તિ ચેક કરી શકે છે. સરપંચ એસોસિયન, શિક્ષકોના ગ્રુપ, સહકારી આગેવાનો તથા પોલીસ જવાનોને હાલ આ એપ્લિકેશનની લીંક નિઃશુલ્ક આપવામાં આવી છે. **http://bit.ly/testyourvision** એપ્લીકેશનનો ઉપયોગ કરવાનો રહેશે.

તલાટીઓને એફિડેવિટની સત્તાનો વકીલો દ્વારા વિરોધ

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તલાટીઓને ૨૨ પ્રકારની એફિડેવીટ કરવા માટે આપેલ સત્તાની જાહેરાતનો વિરોધ ધ બાર કાઉન્સીલ ઓફ ગજુરાત અને અમદાવાદ ક્રિમિનલ કોર્ટ બાર એસોસીયેશન દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો છે. બાર કાઉન્સીલ ઓફ ગુજરાતે રાજ્ય સરકારના નિર્ણયનો વિરોધ કરતા યાદીમાં જણાવ્યું છે કે તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલ જાહેરાત મુજબ ગ્રામ પંચાયતમાં ડિજીટલ સેવા સેતુ યોજના અંતર્ગત તલાટીઓને તાલુકા લેવલ પર એફીડેવીટ કરવાની સત્તા અપાશે જેનો વકીલ આલમ દ્વારા વિરોધ પ્રદર્શીત કરવામાં આવેલ છે. આ જાહેરાત સંદર્ભે તાકીદે મીટિંગ ૧૧મી ઓક્ટોમ્બરે બોલાવેલ છે. અમદાવાદ ક્રિમિનલ કોર્ટ બાર એસોસિયેશન મુખ્યમંત્રીને પત્ર લખી વિરોધ નોંધાવતા જણાવ્યું છે કે, ગુજરાત સરકારે ફક્ત ઠરાવ કરીને તલાટીને આવી વિશાળ સત્તા આપીને નોટરીઓ અને સમગ્ર વકીલ મંડળને અન્યાય કરેલ છે.

કોરોના વેક્સિન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાસ્તવિક સમયમાં એક્ટ્રાજેનેકા અને ઑક્સફોર્ડ યૂનિવર્સિટીના સંભાવિત કોવિડ-૧૯ વેક્સીનના આંકડાઓની સમીક્ષા શરૂ કરી દીધી છે, આ પ્રકારના પગલાંનો ઉદ્દેશ્ય વેક્સીના ક્ષેત્રમાં કોઈપણ અનુમતિની પ્રક્રિયાને ઝડપી કરવાનો છે. આ વાતથી બ્રિટિશ વેક્સીનની શક્યતા વધી ગઈ છે, જેને કોવિડ-૧૯ વિરુદ્ધ એક સફળ વેક્સીનની હરિફાઈમાં આગળ નિકળવું માનવામાં આવે છે.

ફંડિંગનો દાવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જસ્ટિસ ફોર હાથરસ વિક્ટિમની તપાસ ઈડી કરશે. મૂળે, તપાસ એજન્સીઓને પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે પીડિતાને ન્યાય અપાવવાના નામે રાતો રાત એક વેબસાઈટ બનાવવામાં આવી. તેના માધ્યમથી ઉત્તર પ્રદેશમાં જાતીય તોફાનો ફેલાવવાનું કાવતરું રચવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ વેબસાઈટના માધ્યમથી ઈસ્લામિક દેશોથી ફંડિંગ પણ કરવામાં આવ્યું. હવે વેબસાઈટના માધ્યમથી જે ખાતાઓમાં નાણા આવ્યા છે, તેની તપાસ ઈડી કરશે. આ વેબસાઈટ પ્લેટફોર્મ કોર્ડ ડૉટ કૉમ પર બનાવવામાં આવી હતી. આ પહેલા મંગળવારે દિલ્હીથી હાથરસ જઈ રહેલા ૪ લોકોની મથુરા પોલીસે ધરપકડ કરી હતી.

આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહેવામાં આવી રહ્યું છે કે આ દરમિયાન આતંકવાદીઓએ ફાયરિંગ કર્યું અને સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહીના ભાગ રૂપે ત્યારબાદ એક્રાઉન્ટ શરૂ થયું. ઉલ્લેખનીય છે કે, છેલ્લા થોડા દિવસોમાં જમ્મુ-કાશ્મીરમાં એક્રાઉન્ટ ફરી વધ્યા છે અને આતંકવાદીઓને ખાતમો ચાલુ છે. આ પહેલા જ પુલવામા જિલ્લામાં સુરક્ષાદળોએ આતંકવાદીઓને ઘેરીને ઠેકાણે પાડ્યા હતા. આ ઉપરાંત પુલવામાં જ થોડા દિવસ પહેલા આતંકવાદી હુમલો થયો હતો, જેમાં ઝઈંહ્લના બે જવાન શહીદ થયા હતા. શિયાળામાં અનેકવાર આતંકવાદીઓ તરફથી ઘૂસણખોરી અને આ પ્રકારના હુમલાઓની ઘટના વધે છે, એવામાં સુરક્ષા દળો સંપૂર્ણપણે સતર્ક છે.

ઘેરાવ ગેરકાયદે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવા માટે પ્રતિવાદી પક્ષોની જવાબદારી પરંતુ આ રીતના કાર્યો માટે યોગ્ય પરિણામ સામે આવવા જોઈએ. બંધારણ વિરોધ કરવાનો અધિકાર આપે છે પરંતુ તેને સમાન ફરજો સાથે જોડવુ જોઈએ. પ્રશાસને કઈ રીતે કામ કરવુ જોઈએ એ તેમની જવાબદારી છે અને પ્રશાસનિક કામોને કરવા માટે અદાલતના આદેશોને છૂપાવવા જોઈએ નહિ. ' જસ્ટીસ કૌલે આગળ કહ્યુ, વિસ્તારને અતિક્રમણ અને અવરોધોથી મુક્ત કરવા માટે પ્રશાસને કાર્યવાહી કરવી જોઈએ. વિરોધ પ્રદર્શન માટે સાર્વજનિક સ્થળો આ રીતનો કબ્જો સ્વીકાર્ય નથી.

આડે હાથ લીધું

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશોની સાથે સાથે જાપાને પણ યુએનના મંચથી ચીનના વિસ્તારવાદી એજન્ડા અને સંબંધિત ક્ષેત્રોમાં ગેરકાયદેસર રીતે ચીની હસ્તક્ષેપ કે ઘૂસણખોરી પર નારાજગી વ્યક્ત કરી છે. તમામ દેશોએ એકસૂરમાં કહ્યું કે શું ચીનને આ બધુ કરવાની છૂટ મળવી જોઈએ? કે પછી તેને રોકવાનો કોઈ રસ્તો કાઢવા પર બધાએ ભાર મૂકવો જોઈએ.

સીએનજી રિક્ષામાં મુસાફરોના બદલે બુટલેગરે વિદેશી દારૂની હેરાફેરી શરૂ કરી

અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂનો વેપલો અને હેરાફેરી કરતા બુટલેગરો પર જીલ્લા પોલીસતંત્રએ ધોંસ બોલાવી છે. બુટલેગરો નિતનવા નુસ્ખા અપનાવી વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યા છે, ત્યારે સામાન્ય રીતે મુસાફરોની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતી સીએનજી રિક્ષામાં દારૂની હેરાફેરી ચાલુ થતા પોલીસ પણ વિચારતી થઈ ગઈ છે. અરવલ્લી એલસીબી પોલીસે મોડાસા-શામળાજી રોડ પર નાકાબંધી કરી વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા શામળાજી તરફથી આવતી સીએનજી રિક્ષાના ચાલકે નાકાબંધી જોઈ પુરપાટ ઝડપે દોડાવી મુકતા એલસીબી પોલીસે રીક્ષાનો પીછો કરતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. રિક્ષાચાલકને લાલપુર નજીકથી દબોચી લઈ રિક્ષામાં સંતાડેલ રૂ. ૫૪૦૦ નો જથ્થો જપ્ત કરી સોનાસણ(જાબ ચિતારીયા)ના રિક્ષાચાલક

ક્રિપાલસિંહ રજુસિંહ પરમાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે શામળાજી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં શામળાજીથી મોડાસા તરફ આવતા વાહનોનું નાકાબંધી કરી સઘન તપાસ હાથ ધરાતા સીએનજી રિક્ષામાં વિદેશી દારૂની ખેપ મારવા નીકળેલ ક્રિપાલસિંહ નાકાબંધી જોઈ રીક્ષા દોડાવી મુકતા એલસીબી પોલીસે સરકારી જીપમાં પીછો કરી લાલપુર ગામ નજીક રીક્ષા અટકાવી તલાસી લેતા રિક્ષામાં સંતાડી રાખેલ વિદેશી દારૂની બોટલ નંગ ૩૦, કીં. રૂ.૫૪૦૦ તથા સીએનજી રીક્ષા અને મોબાઈલ મળી કુલ રૂ. ૮૦૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સોનાસણ(જાબ ચિતારીયા)ના રિક્ષાચાલક ક્રિપાલસિંહ રજુસિંહ પરમાર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મારો સંઘર્ષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્વેમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીને ૨૦૦૬માં શ્રેષ્ઠ મુખ્યમંત્રીનો એવોર્ડ મળ્યો હતો. તેઓ સતત ત્રણ વર્ષ સુધી શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે નવાજાયા હતા. તાજેતરની જ વાત છે, અટલ ટનલ. દેશ માટે ગૌરવવંતી આ ઘટનાના પગલે આપણા દેશે દુનિયાના નકશામાં એક સિમાચિહ્ન હાંસલ કર્યું. દેશના નાગરીકો માટે અને ખાસ કરીને દેશના સૈન્યને પહાડી વિસ્તારોમાં અવર જવર માટે સુગમતા બની રહે તે માટે મનાલીથી થોડે દૂર લગભગ દસ હજાર ફુટની ઉંચાઈએ દુનિયાની સૌથી લાંબી ટનલ પૈકીની એક એવી ૯.૦૨ કી.મી.ની અટલ ટનલ બનાવીને દેશના વડાપ્રધાન મોદીએ દેશને ભેટ આપી છે.

સપના જુઓ અને એ સપના દ્રઢ ઈચ્છા શક્તિથી પુરા પણ કરો તે નરેન્દ્રભાઈએ સિધ્ધ કરી બતાવ્યું છે. માત્ર અટલ ટનલની જ વાત નથી, ૨૦૧૪થી દેશના વડાપ્રધાન પદે પોતાનો કાર્યભાર સંભાળી રહેલા નરેન્દ્ર મોદીએ તેમના કાર્યકાળમાં દેશની અને દેશના નાગરિકોની સેવા કરતા આ પ્રકારે અગણિત કાર્યો કર્યા છે અને કરી રહ્યાં છે જે કદાચ અગાઉના કોઈ વડાપ્રધાનોએ તેમના કાર્યકાળ દરમ્યાન નહીં કર્યા હોય તેમ કહેવામાં અતિશયોક્તિ નહી લાગે. જ્યારે વ્યક્તિ પ્રજાના પ્રતિનિધિ બને છે ત્યારે તેની સાથે સાથે એની જવાબદારી પણ બંધાય છે, પ્રજા પ્રત્યેનુ એનું કર્તવ્ય પણ બંધાય છે. ૭૦મા બંધારણીય દિવસ નિમિત્તે સંસદના સંયુક્ત સત્રને સંબોધતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જવાબદારી અને કર્તવ્ય પાલનના મુદ્દે કહ્યું હતું કે 'અન્યોના અધિકારોની ચિંતા માટે પણ પોતાના કર્તવ્યો પર ભાર મુકવો આપણા લોકોની જવાબદારી છે અને જન-પ્રતિનિધિ તરીકે આપણી જવાબદારી થોડી વધુ હોય છે, બેવડી થઈ જાય છે. આપણી સામે બંધારણીય મૂલ્યોને મજબુત કરવાની સાથે સાથે પોતાની જાતને પણ એક આદર્શના રૂપમાં પ્રસ્તુત કરવાની છે.

મોદી ૨૦૧૪માં વડાપ્રધાન બન્યાં બાદ મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ શરૂ કર્યો અને દેશના નાના મોટા ઉદ્યોગોને વેગ આપ્યો, વર્ષો જૂની કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ દૂર કરીને ઐતિહાસીક પગલું ભર્યું, મુસ્લિમ મહિલાઓને તીન તલ્લાકમાંથી મુક્તિ અપાવી, કાશ્મીરમાંથી આતંકવાદને અંકુશમાં લેવામાં સફળતા હાંસલ કરી, કાશ્મીરમાં શૈક્ષણિક સંસ્થાઓ પુનઃચાલુ થઈ શકી, મહત્વકાંક્ષી સિટીઝનશીપ (સુધારા) બિલને પાસ કરાવ્યું, ઘર ઘરમાં નળ